# પૂંચ સરહદે પાક.નો પુન: ગોળીબાર

શ્રીનગર,તા. ૧૦

જમ્મુ કાશ્મીરમાં પુંચમાં ભારતીય ચોકીઓને ટાર્ગેટ બનાવીને પાકિસ્તાને ફરી એકવાર ગોળીબાર કર્યો છે. પાકિસ્તાને આજે યુદ્ધવિરામનો ભંગ કરીને ભારતીય ચોકી પર ૭૦૦૦ રાઉન્ડ ગોળીબાર કર્યો હતો આ ઉપરાંત મોર્ટારનો મારો પણ ચલાવ્યો હતો. સાત કલાક સુધી ગોળીબારના કારણે સરહદ પર વિસ્ફોટક સ્થિતિ ઉભી થઈ ગઈ હતી. પાકિસ્તાન દ્વારા કરાયેલા ગોળીબારના જવાબમાં ભારતીય જવાનોએ પણ જોરદાર કાર્યવાહી કરી હતી. ભારતીય સેનાનએ આ નવેસરથી ગોળીબારને તાજેતરના સમયમાં સૌથી મોટા યુદ્ધવિરામના ભંગ તરીકે ગણાવીને આ અંગે જોરદાર મુદ્દો ઉઠાવ્યો છે. પાકિસ્તાની સૈનિકોએ ઉશ્કેરણીજનકરીતે પૂંચના દુર્ગા બટાલિયન વિસ્તારમાં આ ગોળીબાર કર્યો હતો. પ્રવક્તાએ માહિતી આપતા કહ્યુ છે. ૭૦૦૦ રાઉન્ડ પીકા ગોળીબાર કરવામાં આવ્યો હતો આ ઉપરાંત મધ્યમ મોર્ટારથી ભારતીય ચોકીઓને ટાર્ગેટ બનાવવામાં આવી હતી. સવારે ૪.૩૦ સુધી આ ગોળીબાર કરાયો હતો. સરહદી ચોકી પર ફરજ બજાવતા ભારતીય જવાનોએ પણ



વળતી કાર્યવાહી કરી હતી. મિડિયમ મશીનગનના ૪૫૯૫ રાઉન્ડ ભારતીય જવાનોએ ફાયર કર્યા હતા. ઈન્સાસ રાઈફલ અને કેપીડબલ્યુટી મશીનગન મારફતે પણ ગોળીબાર કરયો હતો. જવાબી કાર્યવાહીમાં ૧૧૧ આરપીજી, ૧૧ રોકેટ, ૮૧મીમીના મોર્ટાર સેલ ભારતે પણ ઝીંક્યા હતા. પૂંચ શહેરમાં પણ ભારે ગોળીબારનો અવાજ લોકોએ સાંભળ્યો હતો જેથી આસ પાસના વિસ્તારમાં દહેશત ફેલાઈ ગઈ હતી. યુદ્ધ વિરામનો પાકિસ્તાન દ્વારા ફરીવાર ભંગ કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. સરહદ પારથી ગોળીબારમાં અંકુશ રેખા પર પાંચ ભારતીય જવાનો શહીદ થયાના ચાર દિવસ બાદ પાકિસ્તાને આજે ફરી એકવાર પુંચ સેક્ટરમાં યુદ્ધ વિરામનો ભંગ કર્યો હતો. પુંચમાં કેટલીક ભારતીય ચોકીઓને ટાર્ગેટ બનાવી આ ગોળીબાર કરવામાં આવ્યો હતો જેના પરિણામ સ્વરૂપે ભારતીય જવાનોને પણ જવાબી કાર્યવાહી કરવાની ફરજ પડી હતી. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે સામ સામે ગોળીબારનો દોર આજે વહેલી પરોઢે ત્રણ વાગ્યા સુધી ચાલુ રહ્યો હતો. જો કે આમા બંને પક્ષોને કોઈપણ ખુવારી થઈ નથી. પાકિસ્તાન દ્વારા આ મહિનામાં ચાર વખત યુદ્ધ વિરામનો ભંગ કરવામાં આવ્યો છે. પાકિસ્તાન દ્વારા યુદ્ધ વિરામના વારંવાર કરાઈ રહેલા ભંગના કારણે સ્થિતિ ખૂબ જ વિકટ બની ગઈ છે. હાલમાં પાંચ સૈનિકોના મોત બાદ સરહદ ઉપર તંગ સ્થિતિ પ્રવર્તી રહી છે. ભારતીય સૈનાના વડા વિક્રમસિંહ પણ હાલ જમ્મુ કાશ્મીરમાં પહોંચ્યા હતા અને સૈનાના ટોચના અધિકારીઓ સાથે વાતચીત કરી હતી. પાકિસ્તાની સૈના દ્વારા વારંવાર કરાઈ રહેલા યુદ્ધ વિરામના ભંગ મુદ્દે ટોચના સ્થળે ભારત દ્વારા રજૂઆત પણ કરવામાં આવી ચૂકી છે પરંતુ પાકિસ્તાન યુદ્ધ વિરામનો ભંગ જારી રાખ્યો છે. આતંકવાદીઓને સરહદમાં ઘૂસાડવાના હેતુથી આ ગોળીબાર કરાઈ રહ્યો છે. સરહદ પર સ્થિતિને લઈને સરંક્ષણ પ્રધાન એન્ટોનીના નિવેદનથી હોબાળો પણ થયો છે. જો કે એન્ટોનીએ પોતાના નિવેદનમાં સુધારો કરીને નવા નિવેદનમાં કહ્યું હતું કે પાકિસ્તાની સૈનાની પણ સંડોવણી રહેલી છે.

## ઉત્તરાખંડમાં ભારે વરસાદથી જટિલ સ્થિતિ : તંત્ર સાવધાન

દહેરાદૂન,તા. ૧૦

ઉત્તરાખંડમાં આજે પણ આજે પણ મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદ થયો હતો જેના કારણે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયુ છે. ગંગા નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તરની નજીક પહોંચી ગઈ છે. ગંગા નદીમાં પાણીની સપાટી વધી જતા અનેક ગામોમાં પૂરના પાણી ફરી વળ્યા છે. હવામાન વિભાગે માહિતી આપતા કહ્યુ છે કે ઉત્તરાખંડના મોટા ભાગના વિસ્તારોમાં ભારે વરસાદ થયો છે. હજુ પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. દહેરાદૂનમાં આજે ભારે વરસાદ થયો હતો. નૈનિતાલ, દહેરાદુનમાં છેલ્લા ૨૪ કલાકમાં ભારે વરસાદ થયો છે જો કે નૈનિતાલ જિલ્લામાં હલદ્વાની ખાતે અતિ ભારે વરસાદ થયો હતો. છેલ્લા ૨૪ કલાક દરમિયાન આ વિસ્તારમાં પાંચ ઈંચથી વધુ વરસાદ નોધાયો છે. થોડાક દિવસથી વરસાદ જારી રહેવાના કારણે હરિદ્વારા ખાતે ગંગા નદીમાં પાણીની સપાટી સતત વધી રહી છે. ગઈકાલે ગંગા નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ગઈ હતી. હરિદ્વારમાં સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને મિટીગેશન સેન્ટરના અધિકારીઓએ કહ્યુ છે કે ભારે વરસાદના લીધે કેટલાક ગામો સકંજામાં આવી ગયા છે. અસરગ્રસ્ત ૬૦૦થી ૭૦૦ જેટલા લોકોને વહીવટી તંત્ર દ્વારા સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. હરિદ્વારમાં ગંગા નદીમાં પામીની સપાટી ૨૯૩.૭૦ મીટર સુધી પહોંચી ગઈ છે. જ્યારે ભયજનક સપાટી ૨૯૪ મીટરની છે. પૌરી જિલ્લામાં પણ ભારે વરસાદ નોંધાયો છે જેથી નદી કિનારે વહેતા લોકોને સુરક્ષિત સ્થળે જતા રહેવા કહેવામાં આવ્યુ છે. જિલ્લા વહિવટી તંત્ર સામે ફરી એકવાર સમસ્યા ઉભી થઈ છે.

## આઈએનએસ અરિહંત પરમાણુ રિએક્ટર એક્ટિવેટ : ભારતની મોટી સિદ્ધિ

નવી દિલ્હી,તા. ૧૦

પરમાણુ ક્ષમતાની દિશામાં એક મોટુ પગલુ લઈને ભારતે આજે સ્વદેશી પરમાણુ સબમરિન આઈએનએસ અરિહંત ઉપર બનેલા પરમાણુ રિએક્ટરને એક્ટિવ કરી દેવામાં સફળતા મેળવી હતી આની સાથે જ ભારતે પરમાણુ ટેકનોલોજીની દિશામાં એક મોટી હરણફાળ ભરી હતી. આની સાથે જ આઈએનએસ અરિહંતની નૌકાસેના દ્વારા તેની તૈનાતી માટેનો માર્ગ મોકળો થઈ ગયો છે. સૂત્રોએ કહ્યુ છેકે આઈએનએસ અરિહંત પર તૈયાર કરવામાં આવેલા પરમાણુ રિએક્ટરને ગઈકાલે રાત્રે સક્રિય કરી દેવામાં સફળતા મેળવી હતી. પરમાણુ સબમરિન મારફતે જમીન, હવા, દરિયાઈ માર્ગે મિસાઈલો ઝીંકવાની ક્ષમતા ધરાવે છે. આ રિએક્ટર ચાલુ થઈ ગયા બાદ ટૂંક સમયમાં જ સંબંધિત સંસ્થાઓ યુદ્ધ જહાંજોને તૈનાત કરવા માટે આગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આઈએનએસ અરિહંતના દરિયાઈ પરિક્ષણ કરવામાં આવશે. ડીઆરડીઓ દ્વારા અરિહંત પર તૈનાત કરવા માટે મધ્યમ અંતર સુધી ત્રાટકી શકે તે પ્રકારે પરમાણુ મિસાઈલ બીઓ-૫ તૈયાર કરી છે.



વિશાખાપટ્ટનમમાં નૌકા સેનાના મુખ્ય સબમરિન પરીક્ષણ કરવામાં આવી રહ્યા છે. પરમાણુ રિએક્ટર ચાલુ થઈ ગયાબાદ ટૂંક સમયમાં જ આના આનું છેલ્લુ પરિક્ષણ ૨૭મી જાન્યુઆરીના દિવસો વિશાખાપટ્ટનમમાં કરાયુ હતુ. આજે વહેલી સવારે સૂત્રોએ કહ્યુ હતુ કે કેટલાક મહિનાઓ સુધી તેના તમામ પેરામિટરો અને સબ સિસ્ટમ તથા સિસ્ટમની વારંવાર ચકાસણી કરવામાં આવ્યા બાદ સવારે ૮૩ મેગાવોટ પ્રેસરાઈઝ્ડ લાઈટ વોટર રિએક્ટરને એક્ટિવ કરવામાં શફળતા મળી હતી. વિશાખાપટ્ટનમના સેક્રેટિવશિપ બિલ્ડીંગ સેન્ટર ખાતે ૬૦૦૦ ટનના સબમરિનની તમામ વ્યવસ્થાની ચકાસણી હાલમાં હાથ ધરાઈ હતી. આઈએનએસ અરિહંતના સૌર બેઝ્ડ હાઈ પ્રેશર સ્ટિમ પર ચકાસણી ચાલી રહી છે. ભારતે પ્રથમ પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ નહીં કરવાની નીતિ અપનાવી છે ત્યારબાદથી સબમરિન લોન્ચ બેલાસ્ટિક મિસાઈલની તૈનાતીની ક્ષમતા ભારત માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

## દાર્જીલિંગ બંધ અંગે મમતાએ ૭૨ કલાકનું અલ્ટિમેટમ આપ્યુ


કોલકાતા,તા. ૧૦

દાર્જીલિંગ હિલ્સમાં સામાન્ય સ્થિતિ સ્થાપિત કરવા કોલકાતા હાઈકોર્ટના આદેશ બાદ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતાબેનર્જી પણ હવે આક્રમક બની ગયા છે. મમતા બેનર્જીએ આજે તેમના અચોક્કસ મુદત્તના બંધને પરત ખેંચી લેવા જીજેએમને ૭૨ કલાકની મહેતલ આપી છે અને કહ્યુ છે કે જો ૭૨ કલાકમાં બંધ ખેંચાશે નહીં તો સંબંધિતો સામે કઠોર પગલા લેવામાં આવશે. રાજ્યના સચિવાલયમાં એક પત્રકાર પરિષદમાં બેનર્જીએ કહ્યુ હતુકે હવે ખૂબ વધારે પડતુ થઈ ગયુ છે. આઠ દિવસ સુધી અમે આ પ્રવૃત્તિ ચલાવી રહ્યા છીએ. હવે વધારે તેમની દાદાગીરીને ચલાવાશે નહીં. બંધને પરત ખેંચી લેવા ૭૨ કલાકની મહેતલ આપી દેવામાં આવી છે. કઠોર પગલા લેવાની સરકારને ફરજ ન પડે તેવું કામ કરવા આંદોલન કારીઓને અપીલ કરવામાં આવી છે. રાજ્યના વિભાજનનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. મમતાએ દાવો કર્યો છે કે જીજેએમ દ્વારા બંધની ફરજ પાડીને બિનજરૂરીરીતે લોકપ્રિય થવાના પ્રયાસો હાથ ધર્યા છે. આનાથી લોકોને ખૂબ તકલીફ પડી રહી છે. બીજી બાજુ આજે પણ અચોક્કસ મુદતના બંધ દરમિયાન અલગ ગોરખાલેન્ડ માટેની માંગ અકબંધ રહી હતી જે દરમિયાન હિંસાના બનાવો બન્યા હતા. ટોચના જીજીએમના નેતાની ધરપકડ કરવામાં આવી છે. દરમિયાન દાર્જીલિંગ પહાડી વિસ્તારોમાં બંધની અસર જોવા મળી હતી. છેલ્લા આઠ દિવસથી બંધની અસરના કારણે જનજીવન સંપૂર્ણપણે ઠપ થઈ ગયુ છે. બંધના લીધે તમામ દુકાનો અન્ય વાણિજ્ય પેઢીઓ બંધ રહી હતી. વાહન વ્યવહાર પણ આજે ખોરવાયેલો રહ્યો હતો. ત્રણ સ્થાનિક કેબલ ટીવી ઓપરેટરોને દાર્જીલિંગ હિલમાં પ્રસારણ બંધ કરવાનો ગઈકાલે આદેશ અપાયો હતો.

# જમીન માટે વાઢેરાએ બોગસ દસ્તાવેજોનો કરેલો ઉપયોગ

ચંદિગઢ,તા. ૧૦

હરિયાણામાં એક ગામમાં રોબર્ટ વાઢેરાની જમીન સૌદાબાજીને લઈને ફરીવાર કોંગ્રેસ પક્ષની ઉંઘ હરામ થઈ ગઈ છે કારણકે આઈએએસ અધિકારી અશોક ખેમકાએ આક્ષેપ કર્યો છે કે રોબર્ટ વાઢેરાએ ગુંડગાવની જમીન મેળવવા માટે બોગસ દસ્તાવેજોનો ઉપયોગ કર્યો હતો. આઈએએસ ઓફિસર અશોક ખેમકાના આ પ્રકારના આક્ષેપથી ભારે ખળભળાટ મચી ગયો છે. ભાજપને વધુ એક હથિયાર કોંગ્રેસ સામે મળી ગયુ છે. સંસદનું મોનસૂન સત્ર હાલમાં ચાલી રહ્યુ છે ત્યારે આ મામલો ગરમી જગાવી શકે છે. ગુડગાવમાં ૩.૫૩ એકર જમીન માટે બોગસ દસ્તાવેજો વાઢેરાએ ઉભા કર્યા હતા. આ ઉપરાંત વાણિજ્ય કોલોની લાઈસન્સ મામલે પણ જંગી રકમ ઉભી કરી હતી. વાઢેરા-ડીએલએફ સૌદાબાજીમાં તપાસ કરવા ગયા ઓક્ટોબર મહિનામાં રચવામાં આવેલી હરિયાણા સરકારની ત્રણ સભ્યોની તપાસ કમિટિને સુપ્રત કરવામાં આવેલા તેમના અહેવાલમાં ખેમકાએ એવો આક્ષેપ કર્યો હોવાનું જાણવા મળ્યુ છે કે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના જમાઈ વાઢેરાએ



ગુંડગાવમાં શીખોપૂર ગામમાં ૩.૫૩ એકર જમીન મેળવવાના બનાવટી દસ્તાવેજો ઉભા કર્યા હતા. આ આઈએએસ ઓફિસરે એવો આક્ષેપ કર્યો છે કે હરિયાણાના ડિપાર્ટમેન્ટ ઓફ ટાઉન એન્ડ કન્ટ્રી પ્લાનિંગ(ડીટીસીપી) દ્વારા ધારાધોરણોની અવગણના કરવામાં આવી હતી. ડીટીસીપીની મદદથી વાઢેરાએ જંગી લેવડદેવડ કરીને મોટી રકમ ઉભી કરી હતી. ખેમકાએ ૨૧મી મેના દિવસે તેમનો અહેવાલ આપ્યો હતો જેમાં જણાવ્યુ હતુ કે ઘણી બધી બાબતો બોગસ દસ્તાવેજો મારફતે હાથ ધરાઈ હતી. ખેમકાએ અગાઉ ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં વાઢેરા અને ડીએલએફ વચ્ચેની સૌદાબાજી રદ્દ કરી હતી. તેમણે દાવો કર્યો છે કે તેમના આંકડા વાસ્તવિક બાબતો પર આધારિત છે. હરિયાણાના એક ગામમાં રોબર્ટ વાઢેરાની જમીન સૌદાબાજી હવે મુશ્કેલી સર્જી શકે છે. ખેમકાએ એવો આક્ષેપ કર્યો છે કે વાઢેરાએ વાણિજ્ય લાઈસન્સ દ્વારા મોટી કમાણી કરી છે. તેમનો એવો આક્ષેપ છે કે હરિયાણાના શહેરી અને ક્ષેત્રિય યોજના વિભાગ (ડીટીસીપી) દ્વારા નિયમોનો ખુલ્લો ભંગ કરીને દલાલો તરીકે કામ કરવા સાથે સંબંધિત સાઠગાઠ ધરાવતા મૂડીવાદીઓને વ્યાપક મેદાન આપ્યુ હતુ. ડીટીસીપીની મદદથી વાઢેરાએ બનાવટી લેવડદેવડ કરી હતી. ૧૨મી ફેબ્રુઆરી ૨૦૦૮ના ખરીદીના બે કરારમાં વાઢેરાની કંપની સ્કાયલાઈટ દ્વારા ઓમકારેશ્વર પ્રોપર્ટીથી જમીન ખરીદી હતી અને માર્ચ ૨૦૦૮માં ડીટીસીપી તરફથી તેમની કંપનીને લાઈસન્સ આપવા માટે બનાવટી દસ્તાવેજો તૈયાર કર્યા હતા. ખેમકાએ ૧૦૦ પાનાના અહેવાલમાં જણાવ્યુ છે કે આ મામલામાં ઉંડી તપાસ જરૂરી છે.

## જયપુરમાં ઈમારત તૂટી પડી : બેના થયેલા મોત

જયપુર,તા. ૧૦

રાજસ્થાનના જયપુરમાં ચાર માળની ઈમારત ધરાશાયી થઈ જતા બે લોકોના મોત થઈ ગયા છે અને અન્ય ચાર લોકો ઘાયલ થયા છે.

આ બનાવ આજે વહેલી સવારે થયો હતો. પોલીસે માહિતી આપતા કહ્યુ છે કે ઈમારત ધરાશાયી થવા અંગે વહેલી પરોઢે ૩.૩૦ વાગ્યે ફોન આવ્યો હતો જેથી બચાવ અને રાહતકામગીરી તરત હાથ ધરવામાં આવી હતી. ઘાયલ થયેલા અન્ય ચાર લોકોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમને સારવાર આપવામાં આવી રહી છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે કાટમાળ હેઠળ ફસાઈ ગયેલા ચાર લોકોમાં એક માસૂમ બાળકનો સમાવેશ થાય છે. ઈમારત ધરાશાયી થવાના મામલામાં વિસ્તૃત તપાસ હાથ ધરવામાં આવી છે. કાટમાળને દૂર કરવાની પ્રક્રિયા વહેલી સવારે હાથ ધરાઈ છે.

## ઈતિશ્રી કાર્ડ પુરાણ (પાના નં. ૪ નું ચાલુ)

(પાના નં. ૪ નું ચાલુ)

નાણાં ઉપાડવા એટીએમ સેન્ટરમાં ગયો. કબીર યાદ આવ્યા. 'ઢાઇ અક્ષર આવૈ કાર્ડ કા, તો સબ જગત પરેશાન હોય' આજે દુનિયાભરનાં કાર્ડ સમુદાયે મારા પર વેર લેવાનું નક્કી કર્યું હોય તેમ મારા એટીએમ કાર્ડને પણ જેવું સ્લોટમાં નાખ્યું કે, 'પ્લીઝ રીઇન્શર્ટ યોર કાર્ડ' એવો મેસેજ આવ્યા જ કર્યો... એટીએમનાં લીધે ઘણી સુવિધાઓ થઇ છે, મેન્યુફેકચરરે માત્ર આંગળી ઘસવાની જ વ્યવસ્થા રાખી છે. જે પગ ઘસવાનું કરતાં સારૂં કર્યું છે. જો કે, એટીએમથી હમણાં કલોન કાર્ડનો ગૃહઉદ્યોગ પણ વિકસ્યો છે. તે જ રીતે આઇટીને પ્રતાપે હેકિંગનો સારા વિશ્વમાં અને ફિશિંગનો નાઇજીરીયામાં. વજન મશીન ઉપર વજન કરાવતાં 'વજન-કાર્ડ' મળ્યું, એની પાછળ જોયું તો ભવિષ્ય કથન લખેલું : આજનાં એકશન પ્લાનમાં મોબાઇલ ફોન રીપેરીંગનો મુદ્દો હતો એટલે રસ્તામાં આવતી મોબાઇલ શોપમાં જઇને મોબાઇલ બતાવ્યો. તેને હું મનાઇ કરૂં, તે પહેલાં તો એણે એ અપશુકનિયાળ શબ્દ ઉચ્ચારી જ દીધો, 'સાહેબ. તમારી 'મેમરી કાર્ડ'માં કાંઇક તકલીફ લાગે છે, 'સીમ કાર્ડ' તો બરાબર છે. ' એમાં વળી એણે ઉમેર્યું : 'સાહેબ, કહો તો નવું નાખી દઉં આપણે બધી જ જાતનાં કાર્ડ રાખીએ છીએ. કોમ્પ્યુટરનાં વીડીયો કાર્ડ, સાઉન્ડ કાર્ડ વગેરે વગેરે.' મને આ કાર્ડ શબ્દ હવે માથામાં ઘણ જેવો લાગવા માંડ્યો હતો કે મારાથી ખીજમાં બોલાઇ ગયું. 'પ્લેઇંગ કાર્ડ રાખો છો?' એણે ગંભીરતાથી જવાબ આપ્યો, 'ગંજીફો ને? હા, રાખતો'તો પણ હમણાં એની રમત બહુ રમાતી નથી, સિવાય કે ઉચ્ચ નિવૃત્ત અધિકારીઓ દ્વારા કાર્ડરૂમમાં. તે સિવાય તો માત્ર પ્રધાનમંડળમાં ફેરફારો થવાનાં હોય ત્યારે જ બધાંને આ રમતની યાદ તાજી થાય છે.

આમ તો મને ઘણાં ઘણાં કાર્ડ યાદ આવે છે. કોઇ પીએચડીનાં વિદ્યાર્થીએ 'ભારતમાં કાર્ડ-યુગ' જેવા વિષય ઉપર નિબંધ લખવા કામ આવે એટલા બધા. કેટલાક કાર્ડ આશીર્વાદ રૂપ હોય છે. એની ભાગ્યે જ લોકોને ખબર હોય છે, જેમ કે માઇગ્રન્ટ મજૂરનાં બાળકોને કોઇ પણ સ્થળે સ્કૂલમાં દાખલ થવા 'માઇગ્રેશન કાર્ડ' સ્પોર્ટમાં નિયમભંગ બદલ રેફ્રી બતાવે તે લાલ કાર્ડ, દેહદાન આપવા અવયવોનાં દાનનું કાર્ડ, દેશના બધાં જ કાર્ડમાંથી છૂટવું હોય તો 'ગ્રીન કાર્ડ'. સારૂં, હવે બંધ કરવું પડે તેમ છે, કેમ કે એક મુલાકાતીએ હમણાં જ મને મળવા એનું 'વિઝિટિંગ કાર્ડ' મોકલ્યું છે. ઈતિશ્રી કાર્ડ પુરાણ સમાપ્ત.

# આંદોલનની અસર મોદીની રેલી ઉપર પડે તેવી શક્યતા

કડાપ્પા,તા. ૧૦

આંધ્રપ્રદેશના વિભાજનની સામે હાલમાં આંદોલન ચાલી રહ્યુ છે. આ આંદોલનની સીધી અસર હૈદરાબાદમાં થનારી ભાજપની સૂચિત રેલી પર થઈ શકે છે. જેમાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના સંબોધન પર તમામની નજર રહેશે.

કોંગ્રેસે ૩૦મી જુલાઈના દિવસે અલગ તેલંગાણા રાજ્યની રચના કરવાનો નિર્ણય કર્યો હતો ત્યારથી આંધ્રપ્રદેશના દરિયાકાંઠાના વિસ્તારો અને રાયલસીમામાં વ્યાપક આંદોલન ચાલી રહ્યુ છે. ભાજપના પ્રદેશ કારોબારી દ્વારા તિરૂપતિમાં પહેલી અને બીજી જુલાઈના દિવસે યોજાયેલી પોતાની બેઠકમાં રાયલસીમાના તેના નેતાઓ અને કાર્યકરોને મોદીની રેલી માટે ૧૦૦૦૦ લોકો એકત્રિત કરવા માટે આદેશ અપાયા હતા ત્યારબાદ સંગઠિત આંધ્રપ્રદેશ માટે ચાલી રહેલા આંદોલનને ધ્યાનમાં લઈને રાયલસીમાના ભાજપના નેતાઓએ હાલમાં હૈદરાબાદમાં પ્રદેશ અધ્યક્ષની સાથે બેઠક યોજી હતી અને આ સંખ્યા ૨૦૦૦ સુધી કરી દેવામાં આવી હતી. અન્ય બે ક્ષેત્રોની કિંમત પર ભાજપ દ્વારા તેલંગાણાના મુદ્દાને સમર્થન કરવાથી રાયલસીમાના પાર્ટી કાર્યકરોમાં નિરાશાનું મોજુ ફરી વળ્યુ છે.

રાયલસીમામાં કડપ્પા, કુરનુલ, અનંતપુર અને ચિત્તોર જિલ્લા સામેલ છે. તેલંગાણા ઉપર ભગવાદળના વલણની સામે લોકોમાં નારાજગી પ્રવર્તી રહી છે જેના પરિણામ સ્વરૂપે આ જિલ્લાઓના ભાજપ નેતાઓ અને કાર્યકરો હૈદરાબાદની રેલીથી દૂર રહેશે. આ જિલ્લાઓના ભાજપ નેતાઓ અને કાર્યકરોને નિર્ણયથી મોદીની રેલીને અસર થઈ શકે છે અને તેમાં ઓછા લોકો ભાગ લઈ શકે છે. મોદીની રેલીમાં અંદાજ મુજબ એક લાખ લોકો પહોંચે તેવી શક્યતા દેખાઈ રહી છે.

**આરબીઆઈના કઠોર વલણની માઠી અસર**

# આર્થિક વૃદ્ધિદર પાંચ ટકાથી નીચે પહોંચી શકે છે : રિપોર્ટ

નવી દિલ્હી,તા. ૧૦

ભારતીય રિઝર્વ બેંક દ્વારા હાલમાં જ નાણાંકીય વલણ કઠોર કરવાના પગલાંથી દેશના આર્થિક વૃદ્ધિદરમાં ઘટાડો થાય તેવી શક્યતા દેખાઈ રહી છે.જાણકાર નિષ્ણાંતો માની રહ્યા છે કે જો આ પગલાં લાંબાસમય સુધી અમલી રહેશે તો આર્થિક વૃદ્ધિદર ઘટીને પાંચ ટકા કરતા પણ નીચે આવી શકે છે. વિદેશી બ્રોકરેજ કંપની બેંક ઓફ અમેરિકી મેરીલ લીંચ દ્વારા જણાવવામાં આવ્યું છે કે લોન મોંઘી કરવા માટે તાજેતરમાં જ લેવામાં આવેલા પગલાંથી જીડીપીના વૃદ્ધિદર ઉપર માઠી અસર થઈ છે. આની નકારાત્મક અસર દેખાઈ રહી છે જેથી ગ્રોથ રેટ પાંચ ટકાથી પણ નીચે જઈ શકે છે. ગ્રોથ રેટ ઘટીને ૪.૮ ટકા સુધી રહી શકે છે. મોર્ગન સ્ટેનલીના એક અંદાજમાં જણાવવામાં આવ્યું છે કે તાજેતરમાં જ નાણાંકીય વલણમાં કઠોરતા લાવવામાં આવતા આર્થિક વૃદ્ધિદર આગામી બે ત્રિમાસિક ગાળામાં નીચો રહી શકે છે. આનાથી જીડીપીનો વૃદ્ધિદર ૩.૫ ટકાથી ૪ ટકાની સપાટી ઉપર આવી શકે છે.

નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩માં આર્થિક વૃદ્ધિદર ઘટીને એક દશકની નીચલી સપાટી એટલે કે પાંચ ટકા સુધી આવી શકે છે. મોર્ગન સ્ટેનલીએ કહ્યું છે કે ડિસેમ્બર ૨૦૧૨ અને માર્ચ ૨૦૧૩માં પૂર્ણ થયેલા ત્રિમાસિક ગાળામાં જીડીપીનો વૃદ્ધિદર ઘટીને પાંચ ટકાથી નીચે પહોંચી ગયો છે. ડીએસટી મેરીલ લીંચના મુખ્ય અર્થશાસ્ત્રીનું કહેવું છે કે જો રિઝર્વ બેંક પોતાના વલણ ઉપર મક્કમ રહેશે તો વર્તમાન નાણાંકીય વર્ષમાં વૃદ્ધિદર ઘટીને ૪.૮ ટકા સુધી પહોંચી શકે છે. આર્થિક વૃદ્ધિદર ઘટવા માટે પણ અન્ય પરિબળો પણ જવાબદાર છે. એકબાજુ વૈશ્વિક સ્થિતિ ચિંતાજનક બનેલી છે. અનિશ્ચિતતાના વાતાવરણમાં મૂડીરોકાણ કરવામાં લોકો ખચકાટ અનુભવ કરી રહ્યા છે આવી સ્થિતિમાં આર્થિક વૃદ્ધિદર વધે તેવા સંકેત ઓછા છે. હાલમાં શેરબજારની સાથે સાથે ડૉલર સામે રૂપિયામાં પડતી થઈ છે.

## સમાચાર ઝલક

- ઉત્તરાખંડમાં ભારે વરસાદથી કેટલાય રાષ્ટ્રીય માર્ગો બંધ.
- ગાઝિયાબાદમાં ૧૧૨ યુવક બિભત્સ હાલતમાં ઝડપાયા, પોલીસ ઇન્સ્પેક્ટર સસ્પેન્ડ.
- વલસાડમાં એલર્ટ, ૧૩ આતંકવાદીઓ ઘૂસ્યા હોવાની આશંકા.
- રોબર્ટ વાઢેરાએ જમીન દસ્તાવેજમાં ખોટી વિગતો રજૂઆતો કરી હોવાનો અહેવાલ.
- રાજસ્થાન-પાકિસ્તાન સરહદ પર પાકિસ્તાનની બુરી નજર.
- કલકત્તામાં મુખ્યમંત્રીના નિવાસસ્થાને ઝડપથી જતી બસે ૮ પોલીસ કર્મચારીઓને ટક્કર મારી.
- બોલીવુડના સારાખાનનો અકસ્માતમાં બચાવ.
- રાયપુરમાં ૫૦ આઇ.એન.ટી.ના વિદ્યાર્થીઓનું રેંગીગ.
- કાનપુરમાં વરસાદથી હજારો મણ ડુંગળીનો બગાડ.
- દક્ષિણ આફ્રિકાનાં ગાંધી ૯૦ વર્ષીય 'નેલ્સન મંડેલા'ની તબિયત સુધારા પર.
- મોરબીમાં જમીનમાંથી ગરમ વરાળ નીકળતાં ગેસ કંપનીની દોડધામ.
- બેડમિન્ટનમાં ભારતને મળ્યો ચંદ્રક.
- મથુરામાં શહિદ થયેલ જવાનનાં સ્વજનો અનશન બેઠા, તેમની માંગ છે કે, સેના અધ્યક્ષ તેમનાં પરિવારને સાંત્વના આપે.
- સુરતમાં આવકવેરાના દરોડામાં બિલ્ડર-જ્વેલર્સને ત્યાંથી કરોડોનું કાળું નાણું ઝડપાયું.
- પાકિસ્તાનનો પુંછ સરહદે ફરી પાછો ગોળીબાર, ભારતીય સેનાનો વળતો ગોળીબાર.